## ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના (૨૨મોની) કલમ–૩૭(૧) મુજબ
## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા ધ્વારા જાહેરનામું

નંબર :– પીઓએલ/વશી/૨૭૪/૨૦૨૧
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, મહેસાણા.
તારીખ :– ૧૦/૦૨/૨૦૨૧

<u>વંચાણમાં લીધુ</u> ::–

(૧) પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણાના પત્ર નંબરઃ– લઈબ/૪૧૪/જાહેરનામું/ ૨૯૭/૨૦૨૧, તા. ૦૮/૦૨/૨૦૨૧

<u>જાહેરનામું</u> ::–

હાલમાં ચાલતા COVID-19ના વાઈરસને ફેલાતો અટકાવવા સારુ તથા સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચુંટણી-૨૦૨૧ તા.૨૮/૦૨/૨૦૨૧ના રોજ યોજાનાર હોઈ મહેસાણા જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવાઈ રહે તે સારુ સાવચેતીનાં પગલાં રૂપે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના ૨૨ માની કલમ–૩૭(૧) મુજબનું હથિયારબંધી અંગેનુ જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી મહેસાણાએ આમુખ–(૧) ના પત્રથી દરખાસ્ત કરી છે. જે વ્યાજબી જણાય છે.

વાસ્તે, હું પ્રદિપસિંહ રાઠોડ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ–૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ મહેસાણા જિલ્લાના તમામ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તા. ૧૩/૦૨/૨૦૨૧ ના ૦૦:૦૦ કલાકથી તા.૨૭/૦૨/૨૦૨૧ના ૨૪:૦૦ કલાક સુધી(બંન્ને દિવસો સુધ્ધાંત ) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમએ નહી કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પું, લાકડી, અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયાર સાથે રાખી ફરવાનું કે એકઠાં કરવાનું.
(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે, એકઠાં કરવા તે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલો સાથે લઈ જવાનું.
(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠાં કરવાનું.
(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે, નનામીઓ કે પુતળાં કાઢવાનું કે, ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું.
(૫) ધાર્મિક કે સામાજીક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું.
(૬) અપમાન કરવાનું કે, જાહેર ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારી કે અસ્લીલ ગીતો ગાવાનું કે, ટોળામાં ફરવાનું.
(૭) માણસનું મડદું, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું.
(૮) નિતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નિતિનો ભંગ થાય તેવા હાવ–ભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે, ઉપયોગ કરવાનું.

<u>અ પ વા દ</u> ::–

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.
(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા/સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા, વિસનગર, ખેરાલુ, કડી/એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રીઓએ શારીરિક અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.
(૩) ઉપરોકત–(૨) સિવાય અન્ય કિસ્સાઓમાં જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ હોય તેવી વ્યકિતઓને,

આ હુકમના કોઈ પણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી.કલમ–૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે મહેસાણા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી ક. ૧૮૮ તથા ગુ.પો.અધિ.ક.૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે

આજ તા. ૧૦/૦૨/૨૦૨૧ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

10.2.2021

(પ્રદિપસિંહ રાઠોડ)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
મહેસાણા

નકલ અગ્રિમ રવાના :-

(૧) ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, સરદાર ભવન, ગાંધીનગર તરફ જાણ સારું.

(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, મહેસાણા તરફ જાણ વ અમલ થવા સારૂ

(૩) પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણા તરફ સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તેમજ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ તાકીદે કરાવવા તેમજ પ્રસિધ્ધિ રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

(૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મહેસાણા/વિસનગર/ ખેરાલુ/ કડી તરફ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ તાકીદે કરાવવા તેમજ પ્રસિધ્ધિ રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂં.

(૫) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણા/વિસનગર તરફ જાણ –વ– અમલ સારૂ.

(૬) વ્યવસ્થાપકશ્રી, સરકારી છાપકામ ખાતું, વડોદરા તરફ.
૨/– આગામી એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરવા સારૂ.

(૭) નાયબ માહીતી નિયામકશ્રી, મહેસાણા તરફ સ્થાનિક વર્તમાનપત્રોમાં તાકીદે વિના મુલ્યે આઇટમ ઓફ ન્યુઝ તરીકે પ્રદર્શિત કરવા સારૂ.

(૮) રજીસ્ટ્રારશ્રી, જિલ્લા અદાલત મહેસાણા તરફ જાણ–વ– જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ કરાવવા સારું વિનંતી સહ.

(૯) રજિસ્ટ્રારશ્રી, જે.એમ.એફ.સી. કોર્ટ મહેસાણા, વિસનગર, કડી, વિજાપુર, ઉંઝા, ખેરાલું, વડનગર, બેચરાજી, સતલાસણા તરફ જાણ–વ– જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ કરાવવા સારું.

(૧૦) ડિસ્ટ્રીકટ ઈન્ફોર્મેટીક ઑફિસરશ્રી, N.I.C., મહેસાણા તરફ જાણ વ વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારૂ.

નકલ રવાના :-

(૧) એકઝીકયુટીવમેજીસ્ટ્રેટશ્રી,..............(તમામ) તરફ જાણ તેમજ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ તાકીદે કરાવવા સારૂ. તેમજ તે અંગેનો પ્રસિધ્ધિ રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી,..............(તમામ) તરફ જાણ તેમજ જાહેરનામાની પ્રસિધ્ધિ તમામ ગ્રામ પંચાયતોમાં કરાવી તે અંગેનો પ્રસિધ્ધિ રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

(૩) પોલીસ ઈન્સપેક્ટરશ્રી, મહેસાણા શહેર 'એ' ડીવીઝન/'બી' ડીવીઝન, મહેસાણા તાલુકા, વિસનગર શહેર, વિસનગર તાલુકા, કડી, નંદાસણ, બાવલુ વસઈ, લાડોલ, વિજાપુર, ઉંઝા, ઉનાવા, ખેરાલુ, વડનગર, સતલાસણા, બેચરાજી, મોઢેરા, સાંથલ, લાંઘણજ પોલીસ સ્ટેશન તરફ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધી કરાવવા તેમજ પ્રસિધ્ધિ રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

(૪) ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા ..........................(તમામ) તરફ જાણ-વ- અમલવારી થવા સારૂ.

(૫) કચેરી મજકુરની ચૂંટણી શાખા (સ્થાનિક સ્વરાજ્ય ચુંટણી દફતર) તરફ સબંધિત ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તથા સબંધિત રાજકીય પક્ષોને નકલ મોકલી જાણ કરવા સારૂ.

(૬) સીલેક્ટ ફાઈલે